भरतखंडनी भूगोळनो प्रश्नोत्तर संक्षेप.

દોહરો.

ભરતખંડને ભાવથી, શીખો શાણા બાળ;
ભજે માન મેહેતાજીનું, વધશે જ્ઞાન વિશાળ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ભોળાનાથ રાજારામ કડાક.

રાજારામ પ્રેસનો માલેક. મુ૦ ઉમરેઠ.

અમદાવાદ.

"ગુજરાત ગેઝેટ" છાપખાનામાં છાપી.

સંવત ૧૯૪૮ સને ૧૮૯૨

કીંમત રૂ૦—૩—૦

૫૪૦૭

ભરતખંડની ભૂગોળનો પ્રશ્નોત્તર સંક્ષેપ.

પ્ર—ભરતખંડ નામ સાથી પડયુ અને એનુ બીજુ નામ શુ ?

ઊ—ભરત નામના મહાન રાજા ઉપરથી ભરતખંડ નામ પડયું અને એનુ બીજુ નામ હીંદુસ્થાન છે.

પ્ર—હીંદુસ્થાનની ચારે દીશાએ શું શું આવેલું છે.

ઊ—**ઉત્તરે**-હીમાલય પર્વત, કારાકોરમ પર્વત તથા હીંદુકુસ. **દક્ષિણે**—હીંદીમહાસાગર. **પુર્વે**—બ્રહ્મદેશ અને બંગાળાનો ઉપસાગર. **પશ્ચિમે**—અરબીસમુદ્ર, હાલા અને સુલેમાનના પહાડો.

પ્ર—હીંદુસ્થાન દેશ કયા ખંડમાં આવેલો છે?

ઊ—એશિઆ ખંડમાં જે જે દેશો છે તે સઘળાની દક્ષિણ દિશામાં એ દેશ છે.

પ્ર—હીંદુસ્તાન દેશમાં બધા ઇલાકાઓની દક્ષિણમાં કયો ઇલાકો છે?

ઊ—મદ્રાસ ઇલાકો.

પ્ર—આખા હીંદુસ્તાન દેશમાંના ઇલાકા, પ્રાંતો અને સંસ્થાનો કેટલાં અને કયાં છે?

ઊ—(૧૪)છે ૧ મુંબઈ ઇલાકો. ૨ મદ્રાસ ઇલાકો. ૩ મ્હેસુર અને કુર્ગનાં સંસ્થાનો. ૪ વરાડ સહીત હૈદ્રાબાદ સંસ્થાન. ૫ મધ્ય પ્રાંતો. ૬ મધ્ય હિંદ એજન્સિનાં સંસ્થાનો. ૭ રજપૂ-

ત સંસ્થાનો. ૮ પંજાબ પ્રાંત. ૯ વાવ્ય પ્રાંતો. ૧૦ અયોધ્યા પ્રાંત. ૧૧ બંગાળા પ્રાંત. ૧૨ આશામનો મૂલક. ૧૩ નેપાળ, ભુતાન અને બીજાં સ્વતંત્ર પહાડી સંસ્થાનો. ૧૪ ભરતખંડ માંહેલાં પોર્તુગીઝ અને ફ્રેંચ લોકનાં સંસ્થાનો.

(૧) મુંબઇ ઇલાકો.

પ્ર—મુંબઈ ઇલાકાની ચારે દીશાએ શું શું આવેલું છે?

ઊ—**ઉત્તરે**—પંજાબ અને રજપુતસંસ્થાન. **દક્ષિણે**—મદ્રાસ ઇલાકો અને મ્હેસુર. **પુર્વે**—મધ્ય હીંદુસ્તાનનાં દેશી સંસ્થાનો. **પશ્ચિમે**—અરબી સમુદ્ર અને હાલા પર્વત.

પ્ર—મુંબઈ ઇલાકા ના મુખ્ય વીભાગ કેટલા અને કીયા છે?

ઊ—પાંચ છે. ૧ સીંધ. ૨ કચ્છ. ૩ ગુજરાત. ૪ મહારાષ્ટ્ર, દક્ષીણ અને કોંકણ સહીત. ૫ દક્ષીણમહારાષ્ટ્ર અને ઉત્તરકાનડા.

પ્ર—મુંબઈ ઇલાકાના પર્વતો કીયા છે?

ઊ—ગીરનાર, શેત્રુંજો, પશ્ચીમઘાટ અથવા સહીંયાદ્રીનો થોડો ભાગ.

પ્ર—મુંબઈ ઇલાકાની મુખ્ય નદીઓ કઈ છે?

ઊ—સીંધુ, સરસ્વતી, બનાસ, સાબરમતી, મહી, નર્મદા અને તાપી.

પ્ર—એપ્રત્યેક નદી કયાંથી નીકળી કોને મળે છે અને તે ઉપરનાં શહેરો કીયાં છે?

ઊ—**સીંધુ**—એ કૈલાસ શીખરમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે. તે ઉપર લારખાના, મીટનકોટ, શીકારપુર, શકર, બકર, હૈરી, કરાંચી અને ઠઠ્ઠા.

સરસ્વતી—એ શીરોહીના ડુંગરમાંથી નીકળી કચ્છનાર-

ણુને મળે છે અને તેથી એનું નામ કુમારીકા નદી કહેવાય છે. એના ઉપર સીદ્ધપુર છે.

બનાસ—એ પણ શીરોહીના ડુંગરમાંથી નીકળી કચ્છના રણને મળે છે એ ઉપર રાધનપુર ને ડીસા શહેર છે.

સાબરમતી—એ અરવલી પર્વત પાસેથી નીકળી ખંભાતના અખાત ને મળે છે અને તેના ઉપર મુખ્ય શહેર અમદાવાદ છે.

મહી—એ માળવાના પહાડમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે એના ઉપર વાસદ છે.

નર્મદા—અમરકંટકના પર્વતમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. એના ઉપર ચાંદોદ, કન્યાળી, શીનોર, શુકલતીર્થ અને ભરૂચ.

તાપી—એ સાતપુડા પર્વતમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે તે ઉપર માંડવી, સુરત અને રાંદેર.

પ્ર—આ ઇલાકામાં **સરોવર** કીયાં છે ?

ઊ—મંચર એ સીંધ પ્રાંતમાં છે.

પ્ર—હવાખાવાનાં ઠેકાણાં કીયાં છે ?

ઊ—મહાબળેશ્વર અને આબુ.

પ્ર—દેશીરાજ્યો કીયાં કીયાં છે ?

ઊ—વડોદ્રા, કોલાપુર, સાવતવાડી, ખૈરપુર; કચ્છ અને કાઠીયાવાડ.

પ્ર—મુંબઈ ઇલાકાનાં મુખ્ય શહેરો કીયાં છે?

ઊ—કરાંચી, શીકારપુર, જેકબાબાદ, હૈદ્રાબાદ, ઊમરકોટ, ખૈરપુર, માંડવી, ભુજ, સુરત, ભરૂચ, ખેડા ગોધ્રા, દાહોદ, અમદાવાદ, રાજકોટ, પાલણપુર, દીસા, સાદ્રા, ઈડર, નાંદોદ, બારીઆ,

લુણાવાડા, સીધપુર, વડોદ્રા, ખંભાત, વાંસદા, ધરમપુર, સચીન, થાણા, અલીબાગ, જંજીરા, રત્નાગીરી, સાવંતવાડી, ધુળીયા, નાશક પેંઠ, અહમદનગર, પુના, સતારા, ફલટણ, જત, સોલાપુર, અકલકોટ, કલાદગી, બેલગામ. કોલાપુર, જમખંડી, ધારવાડ, સાવનુર, કારવાડ, પ્રભાસપાટણ અને દ્વારકાં.

પ્ર—એમાંનાં કીયાં શહેરો શાને માટે જાણવા લાયકછે?

ઊ—**કરાંચી**—એ સીંધપ્રાંતમાં મોટું બંદરછે ને રેલવેષ્ટેશનછે.

ઊમરકોટ—એમાં અકબરનો જન્મ થયો હતો.

દ્વારકાં—એહીંદુ લોકોનાં ચાર મોટાં તીર્થમાંનું એકછે.

પ્રભાસપાટણ—એ જાત્રાનુ ઠેકાણું છે અને એમાં સોરઠીસોમનાથનુ દેવલછે એ શીવલીંગ અહમદગીજનીએ ભોંળાભીમને હરાવી ઈ. સ. ૧૦૨૪માં ખંડીત કર્યું હતુ.

સીધપુર—એ સરસ્વતીનદીને તીરે હીંદુઓના તીર્થનુ ઠેકાણું છે અને હીંદુઓ માતુશ્રાધ કરેછે અને ત્યાં મુળરાજ સોળંકીએ રૂદ્રમાળા બંધાવ્યો તે સીધરાજ જયસિંહે પુરો કર્યોછે.

અમદાવાદ—એ સાબરમતીને તીરે ગુજરાતના મુસલમાની બાદશાહોની રાજધાનીનુ હતુ. અહમદશાહે ઈ. સ. ૧૪૧૨મા વસાવ્યું હતુ.

ભરૂચ—એનું બીજુ નામ ભ્રગુપુર તે ભ્રગુરૂશીના નામથી પડ્યું છે અને એ નર્મદા નદી ઉપર આવેલુ છે.

સુરત—એ તાપી નદીને કાંઠે બરશી તથા રેશમી કાપડને માટે પ્રખ્યાત છે.

પેઠ—એ ગોદાવરી નદીને તીરે શાલીવાહનની રાજધાનીનું હતું અને ત્યાંની પાઘડીઓ વખાણાય છે.

મુંબઈ–એ આખા ઇલાકાની રાજધાની છે અને ત્યાં ગવનર રહેછે.

સતારા–એ કૃષ્ણા નદીને કાંઠે પેશ્વા સરકારની રાજધાની હતુ.

નાશિક–એ ગોદાવરીને તીરે જાત્રાનુ ઠેકાણું છે ત્યાંનાં ત્રાંબાપીતળનાં વાસણ વખાણાય છે.

વડોદરા–એ ગાયકવાડ સરકારની રાજધાની છે. અને વિશ્વામીંત્રી નદી ઉપર છે અને એમાં લાઇસ્કુલ, રાજમેહેલ તથા કાંપ જોવા લાયક છે અને હિંદ હિતાર્થે મહારાજા ધીરાજ સીયાજી રાવે કળા ભવન કરેલું છે.

પુના–એ દક્ષિણમાં મરેઠા લોકની રાજધાની હતું,

મદ્રાસ ઈલાકો.

પ્ર—મદ્રાસ ઇલાકાની ચારે દીશાએ શું શું આવેલુ છે?

ઉ—ઉત્તરે નીજામનુરાજ, મુંબાઈ ઇલાકો; મધ્યપ્રાંતો અને બંગાળાનો થોડો ભાગ. દક્ષીણે હીંદી માસાગર પુર્વે બંગાળાનો ઉપસાગર પ્રશ્ચીમે અરબી સમુદ્ર.

પ્ર—મદ્રાસ ઇલાકાના કયા કયા વિભાગો છે?

ઉ— ઉત્તર સીરકાર, કર્ણાટક અને મલબાર

પ્ર—મદ્રાસ ઇલાકામાં પર્વતો કયા છે?

ઉ—પશ્ચિમઘાટ, પૂર્વઘાટ, નીલગીરી અને પોલચી;

પ્ર—મદ્રાસ ઇલાકામાં નદીઓ કઈ કઈ છે?

ઉ—ગોદાવરી, કૃષ્ણા, કાવેરી, પનેર, પનાર અને પુલાર.

પ્ર—એ દરેક નદી કયાંથી નીકળી કોને મળે છે અને તે ઉપર શહેરો કયાં છે?

ઉ—**ગોદાવરી** એ ત્રંબકના ટેકરામાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળે છે અને તે ઉપર નાશીક, પૈઠણ, નાંદેડ,

ચીતુર, રાજમહેંદ્રી, ધબળેશ્વર અને યાનાન શહેરો છે અને માંજરા, પેનગંગા, વર્ધા અને વાઇનિ ગંગા એ નદીના ફાંટા છે.

કૃષ્ણા—એ મહાબળેશ્વરના ટેકરામાંથી નીકળી પુર્વે તથા દક્ષિણ દિશા તરફ વહી બંગાળાના ઉપસાગરને મળે છે અને તે ઉપર સતારા, જમખંડી, રાયચુર, કર્નુલ અને ગંતુર વગેરે શહેરો છે. આ નદીનાફાંટા ભીમા તુગભદ્રા, વારણા અને મુસીછે

કાવેરી—પશ્ચિમઘાટમાંથી નીકળી પુર્વે બંગાળાના ઉપસાગરને મળે છે અને એના ઉપર મ્હૈસુર, શ્રીરંગપટણ, તંજાવર અને ત્રીચીનાપલી શહેરો છે.

પનાર—એ નદી દુર્ગના પર્વતમાંથી નીકળી ઉતર તથા પુર્વ તરફ વહી બંગાળાના ઉપસાગરને મળે છે અને તેના મુખ આગળ વેલુર બંદર છે.

પુલાર—એ મ્હૈસુરના રાજમાંથી નીકળી પુર્વે બંગાળાના ઉપસાગરને મળે છે તે ઉપર વેલુર, અર્કાટ, કાંચીવરામ અને ચેંગલ પટણ શહેરો છે

પ્ર—આ ઈલાકામાં સરોવરો કયાંછે તેનાં નામ આપો?

ઉ—પુલીકટ કોલર અને ચીલકા.

પ્ર—સારી હવાને માટે કયાં કયાં ઠેકાણાંછે?

ઉ—નિલગીરી ઊતકમંડ અને ડીંડીગલ.

પ્ર—દેશીરાજ્યો કેટલાં અને કયાં કયાંછે?

ઉ—૪ છે ૧ મ્હૈસુર. ૨ ત્રાવણકોર. ૩ કોચીન. ૪ પુદુકોટા.

પ્ર—મદ્રાસ ઈલાકામાં જાણવા લાયક શહેરો કેટલાં અને કયાંછે તેનાં નામ આપો?

ઉ—૧૫ છે ૧ મદ્રાસ. ૨ ત્રીચીનાપલ્લી. ૩ મછલીપટ્ટણ. ૪ વિશાગાપટણ. ૫ અર્કાટ. ૬ પાંદિચેરી. ૭ કારીકલ. ૮ રામેશ્વર.

૯ કાલીકોટ. ૧૦ માહી. ૧૧ કાનાનુર. ૧૨ મંગલુર.
૧૩ થાનાન. ૧૪ ત્રાંકવિબાર ૧૫ તીણુવલ્લી.

પ્ર—એ દરેક શહેર શાને માટે જાણવા લાયકછે?

ઊ—**મદ્રાસ** એ આખા ઈલ્લાકાની રાજધાનીછે અને એમાં મદ્રાસઈલ્લાકાનો ગવર્નર રહેછે અનેત્યાં મદ્રાસી નામનુ કાપડ બનેછે અનેઈ. સ. ૧૬૩૯ફોર્તસેંતજ્યાર્જનામનો કીલ્લો બાંધ્યોછે એનુ બીજુ નામ ચીણાલાપટણ છે.
ત્રીચીનાપલી એ મદ્રાસઈલાકામાંમાત્ર મદ્રાસથી નાનુ છે અને તે કાવેરી નદી ઊપરછે,
ગંતુર એ કૃષ્ણા નદી ઊપર છે.

મછલ્લી પટણ—એ કૃષ્ણા નદીના મુખ આગળ છીંટ અને મલમલને માટે જાણીતું છે અને તે ઊતરસીરકાર પ્રાંતમાં મોટુ શહેર છે

રાજ મહેંદ્રી—એ ગોદાવરી નદી ઊપર છે.

વિશાખાપટણ—એ પુર્વ કાંઠે બંદર છે.

વિજયનગર—એ કર્ણાટક પ્રાંતમાં સૌથી પ્રખ્યાત દેશીરાજ હતું હાલ તે અંગ્રેજ સરકારનું છે.

વેલુર—એ પુલાર નદી ઉપર બંડને માટે જાણીતું છે.

અર્કાટ—એ પહેલાં કર્ણાટકના નવાબની રાજધાની હતું અને તે અંગ્રેજ સીરકારને તાબે છે.

કોઈમતુર—એમાં તમાકુ અને રૂ થાય છે.

પાંદીચેરી—એ ફ્રેંચ લોકોને તાબે છે એ પુર્વ કાંઠે બંદર છે. અને એમાં ફ્રેંચનો ગવર્નર રહે છે.

નેલુર—એ પનાર નદીના મુખ આગળ બંદર છે.

કારીકલ—એ પુર્વ કાંઠે બંદર અને ફ્રેંચ લોકોને તાબે છે.

વેલુર—એ કોલર સરોવર ઉપર છે અને તેની પાસે માલવેરી નામની જગ્યા આગળ હીરા મળે છે.

રામેશ્વર—એ હીંદુ લોકોનાં ચાર મોટાં તુર્થમાંનું એક છે અને ત્યાં રામનાથ મહાદેવ છે તે રામચંદ્રજીના બેસાડેલા કહેવાય છે અને ત્યાં રામચંદ્રજી એ સેતુ બાંધ્યો છે.

ત્રાંકવીબાર—એ સ.૧૮૪૫માં ડેનમાર્કના રાજા પાસે અંગ્રેજે નાણાં આપી લીધું.

તંજાવર—એ પહેલાં દેશી રાજ હતું ત્યાંના હીંદુઓના દેવળની બાંધણી વખાણાય છે.

ચીતુર—એ પુલાર નદીની સાખા ઉપર છે.

કાંચીવરામ—એ હીંદુ લોકોના ધર્મનુ ક્ષેત્રછે.

મધુરા—એ જુનુ શહેરછે અને તે સુલતાનટીપુ પાસેથી ૧૭૯૨માં લીધુ.

સેલમ—એ પણ ટીપુ પાસેથી મળ્યું.

ડીંડીગલ—એ મધુરાની ઊતરે સારી હવાને માટે પ્રખ્યાતછે.

તીણવલ્લી—એ તામ્રવર્ણીનદી ઊપરછે.

તુતુકુડી—એની પાસેના દરિયામાં મોતી પાકેછે એનાપુર્વ, કાંઠે બંદરછે.

યાનાન—એ ગોદાવરીનદી ઊપર ફ્રેંચનુસંસ્થાનછે.

કર્નુલ—એ કૃષ્ણાનદી ઊપરછે.

બલારી—એ ડુંગરી કીલાનું રૂ વખણાયછે.

કાલીકટ—એ પશ્ચિમ કાંઠે બંદરછે.

બેપૂર—એ પશ્ચિમ કાંઠેબંદર અને રેલવેસ્ટેશનછે,

કડપા—એ પરનારનદી ઊપરછે

માહી—એ પશ્ચિમ કાંઠે બંદર ફ્રેંચ લોકોનુછે ને ત્યાં નો-

રીએળીનાં ઝાડ ઘણાં થાયછે.

તલીચેરી—એ પશ્ચિમ કાંઠે બંદરછે.

કાનાનુર—એ પશ્ચિમ કાંઠે બંદરછે ને ત્યાંના રાજાને તાબે લક્ષદ્વીપનો બેટછે.

મંગલુર—ત્યાંની સોપારી વખાણાયછે.

એ સિવાયનાં શહેરો—અધ્વની, ગુત્તી, કોદાપલી, બેજવાડા ને દેવીકોટા.

પેદાશ—રૂ, ગળી, તલ, દીવેલી, ખાંડ, ડાંગર, ખુંદ, એલચી, મરી, સોપારી અને ઈમારતી લાકડું.

(૩) મ્હૈસૂર અને કુર્ગ પ્રાંતો.

પ્ર—મ્હૈસુર અને કુર્ગની ચારે સીમાએ શું આવેલુંછે?

ઊ—ઊતરે મદ્રાસ ઈલાકો અને મુંબઈ ઈલાકો. **દક્ષિણે** મદ્રાસ ઈલાકો. **પુર્વે** મદ્રાસ ઈલાકો. **પશ્ચિમે** ઊતર કાનડા અને મલબાર.

પ્ર—વિભાગ કેટલા અને કયાછે તે બોલો?

ઊ—મ્હૈસુર અને કુર્ગપ્રાંત.

પ્ર—પર્વત કેટલાછે અને તેમાં સૌથી મોટો કયોછે?

ઊ—ત્રણછે મોટો નંદીદુર્ગછે.

પ્ર—નદીઓ કઈછે વારૂ?

ઊ—તુંગભદ્રા, પનેર, પનાર, પુલાર અને કાવેરી.

તુંગભદ્રા—એ સહ્યાદ્રી પર્વતમાંથી નીકળી તુંગ અને ભદ્રા એ બે નામની નદીઓ શીમુગા આગળ ભેગી થઈ સામટું નામ થયુંછે અને તે ઊપર હરીહર બેંગલુર છે.

પ્ર—મુખ્ય શહેરો કયાં કયાંછે?

ઊ—શ્રીરંગપટણ, મ્હૈસુર, શીમુગા, બંગલુર, મર્કારા અને હરીહર કસ્બો.

શ્રીરંગપટ—એ કાવેરીનદી ઊપર ટીપુની રાજધાની હતુ.

મ્હૈસુર—એ કાવેરીનદી ઊપરછે.

બંગલુર—એ રેલવેસ્ટેશનછે.

શીમુગા—એ તુંગભદ્રાનદી ઊપર લડાઇને માટે પ્રખ્યાતછે.

મર્કારા—એ કુર્ગ પ્રાંતની રાજધાની છે પણ ત્યાંનો રાજા રૈયત ઉપર બહુ જુલમ કરતો હતો તેથી અંગ્રેજે લઈ લીધું.

એસીવાયનાં શહેરો—હરીહર, હરીઊર, બેદનુર અથવાનગરે ને ચીત્રદુર્ગ.

પેદાશ— મદ્રાસ ઈલાકા મુજબ છે.

(૪)નીજામ અને વરાડ,

પ્ર—નિજામ અને વરાડની ચારે દિશાએ શુ શુ આવેલું છે?

ઊ—ઉતરે મધ્યપ્રાંત. દક્ષિણે મદ્રાસ ઇલાકો. પૂર્વે મધ્ય પ્રાંતો. અને મદ્રાસ ઈલાકાનો ભાગ. પશ્ચિમે મુંબઈ ઈલાકો.

પ્ર—વિભાગ કેટલા અને કયા કયા છે?

ઊ—હૈદ્રાબાદ અને વરાડ બે છે.

પ્ર—નદીઓ કઈ કઈ છે તેનાં નામ દો?

ઊ—ગોદાવરી, કૃષ્ણા, ભીમા, તુંગભદ્રા, માંજરા, પેનગગા અને વર્ધા.

પ્ર—ભીમા, પેનગંગા, વર્ધા અને માંજરા એ નદીઓ ક્યાંથી નીકળી કોને મળે છે અને તે ઉપરનાં શહેરો?

ઊ—ભીમા તે ભીમા શંકર નામની ટેકરીમાંથી નીકળી રાયચુર આગળ કૃષ્ણાને મળે છે અને તેઉપર પંઢરપુર અને કોરેગામ શહેરો છે.

પેનગંગા—બાલઘાટમાંથી નીકળી સીરોંચીઆ આગળ ગોદાવરી ને મળે છે તે ઉપર ઊમરખેડ અને ચાંદે શહેરો છે.

વર્ધા—એ સાતપુડા પર્વતમાંથી નીકળી ગોદાવરીને મળે છે. અને એના ઊપર ઊમરાવતી શહેરછે.

માંજરા—એ ગોદાવરી નેમળેછે તે ઊપર બેદર અને કૈલાસ શહેરોછે.

પ્ર—લસ્કરી કાંપ કયે કયે ઠેકાણેંછે?

ઊ—જાલના અને સીકંદ્રાબાદ.

પ્ર—નીજામના રાજ્યમાં મુખ્ય શહેરો કીયાં કીયાંછે?

ઊ—હૈદ્રાબાદ, સીકંદરાબાદ, ગોવળકાંડા, જાલના, ઔરંગાબાદ, દોલતાબાદ, બેદર, વરંગુળ, બોલારમ, ઈલુરાપૈઠણ, ઈલીચપૂર અને ઊમરાવતી.

પ્ર—ઊપરનાં શહેરો કઈ કઈ નદી ઊપરછે અને શાને માટે પ્રખ્યાતછે?

ઊ—**હૈદ્રાબાદ** એ રાજધાનીનુ શહેર મુશી નદી ઊપરછે.

સીકંદરાબાદ—એમાં લસ્કરી કાંપછે.

ગોવળકાંડા—એ હીરાની ખાણોને માટે પ્રખ્યાત છે તથા જુનાં ખંડેરો એમાંછે.

બેદર—એની પાસે કલ્યાણી કરીને નગરી હતી અને. તેમાંજરાનદી ઊપર સોના રૂપાની કારીગીરી વાળાં પીતળનાં વાસણને માટે પ્રખ્યાતછે.

જાલના—એ લસ્કરી કાંપછે.

ઔરંગાબાદ—એ દુધનાનદી ઊપર રેશમી, જરીઆની અને સુતરાઉ કાપડને માટે જાણીતુછે અને તે ઔરંગજેબ બાદશાહે વસાવેલુ કહેવાયછે.

દોલતાબાદ—એનું બીજુ નામ દેવગીરી તે રામદેવરાજાની રાજધાની હતું તેની પાસે ઓરંગજેબ બાદશાહની કબર તથા રોજો છે અને એમાં અવિચારી મહમદ તઘલક કેટલીક વખત રાજધાની સ્થાપી દીલીની કેટલીક પ્રજાનો નાશ કર્યો.

વરંગુળ—એ પહેલાં તેલંગણના રાજાની રાજધાની હતું હાલ તેમાં સરકાર તરફથી રેસીડંટ રહે છે. અને અલાઉદીન ખુનીએ મલેક કાફુરને લડાઈ કરવા ત્યાં મોકલ્યો હતો.

બોલારમ—એમાં નિઝામ સરકારનું લશ્કર રહે છે.

ઈલુરા—એમાં જુદા જુદા ધર્મનાં દેવળો છે.

પૈઠણ—એ પહેલાં શાલીવાહન રાજાની રાજધાની હતું

ઈલીચપુર—એમાં નીઝામ તાબાનો નવાબ રહે છે અને તે પુર્ણાનદી ઉપર છે.

ઉમરાવતી—એ રૂના વેહેપારનું મથક છે.

પ્ર—એ સીવાય બીજાં નાનાં શહેરો કીયાં છે?

ઊ—કમમો, અકલકોટ, કલબુર્ગ, રાયચુર, ધનાપુર, નળદુર્ગ અને અસાઈ.

પેદાશ—રૂ અને કોયલા.

(૫) મધ્ય પ્રાંતો.

પ્ર—મધ્ય પ્રાંતોની ચારે દિશાએ શું શુ આવેલું છે?

ઊ—ઉતરે બુંદેલખંડ, બંગાળાનો થોડો ભાગ અને રેવા. દક્ષીણે નીઝામ અને મદ્રાસ ઈલાકો. પુર્વે બંગાળાપ્રાંત અને મદ્રાસ ઈલાકો. પશ્ચિમે ભોપાળ ઈંદુર ને બીજાં દેશીરાજ્યો છે.

પ્ર—પર્વતો કેટલા અને કીયા કીયા છે?

ઊ—ત્રણ પર્વતો મોટા છે. સાતપુડો, વીંધ્યાચળ અને અમ-

રકંટક એસીવાય મહાદેવ પંચમરી, રકોની મંડલો વીગેરે નાના છે.

પ્ર—નદીઓ કઈ કઈછે અને તે કયાંથી નીકળી કોને મળે છે અને તે ઊપર કીયાં કીયાં શહેરો છે?

ઊ—નર્મદા, તાપી, મહી, વર્ધા અને વાઈનગંગા.

નર્મદા—અમરકંટના પર્વતમાંથી નીકળી પશ્ચિમ દીશા ભણી વહી ખંભાતના અખાતને મળેછે અને તે ઊપર હુશંગાબાદ, જબલપુર, નરસીંગપુર, નાંદોદ, ચાણોદ, કન્યાળી મંડળેશ્વર અને ભરૂચ શાહેરોછે.

તાપી—એ બૈતુલપ્રાંતમાંથી નીકળી પશ્ચીમ દીશા ભણી વહી ખંભાતના અખાતને મળેછે અને એના ઊપર રાંદેર, બુરાનપૂર, એદલાબાદ, આશીરગડ અને સુરત.

મહા—બસ્તાર પાસેના ડુંગરમાંથી નીકળી પૂર્વે બંગાળાના ઊપસાગરને મળેછે અને એના ઊપર કલ્યાણપૂર વાલાસીન, સંબલપુર અને કટક.

પ્ર—લસ્કરી કાંપ કીયા કીયાછે?

ઊ—કામટી અને સાગર.

પ્ર—મધ્યપ્રાંતમાં મુખ્ય શાહેરો કયાં કયાંછે?

ઊ—નાગપુર, કામટી, હીંગણઘાટ, સંબલપુર, જબલપુર, બુરાનપુર, આશીરગઢ, ભંડોરા, સાગર, છીંદવાડા, અને ચંદા.

પ્ર—ઊપર લખેલાં શહેરો કયાંછે અને શાને માટે જાણવા લાયકછે?

ઊ—નાગપુર એ નાગનદી ને કાંઠે ભરત, ધોતીજોટા, છીંટ, પાઘડીઓ, સાડીઓ અને કીનખાબ ને માટેવખાણાયછે,

કામટી—એ લશ્કરી કાંપ છે.

હીંગણઘાટ—એ વર્ધાનદીની શાખા ઊપર રૂના વેપારનું ઠેકાણું છે.

છીંદવાડા—ત્યાંની હવા સારી છે.

સંબલપુર—એ મહાનદી ઊપર ચોખા, ઘઊં, શેરડી.અને હીરાને માટે જાણીતુ છે.

જબલપુર—ત્યાંના ઠગ લોકો તંબુ વણેછે અને એશહેર નર્મદા નદી ઊપર છે.

બુરાનપુર—એ તાપી નદી ઊપર છે અને શેલાંને માટે પ્રખ્યાત છે.

આશીરગઢ—એ ડુંગરી કીલ્લો છે સને ૧૮૧૯માં ઇંગ્રેજ ને મળ્યો.

સાગર—એ લશ્કરી કાંપ છે.

ભંડારા—ત્યાંનું ભરત કામ અને ધોતીજોટા. વખાણાયછે.

ચદા—એની પાસે કોયલાની અને લોઢાની ખાણોછે.

ખંડવા—એ સૌથી સરસ ઘઊંને માટે પ્રખ્યાતછે.

પ્ર—એસીવાય બીજા શહેરો કયાંછે?

ઊ—રતનપુર, વીલાસપુર, બસ્તાર, અને રાયપુર છતીસગઢ.

પેદાશ—સાગ, ઘઊ, શેરડી, રૂ, તલ, દીવેલ, અફીણ, ચામડાં, દેશીકાપડઅને કોયલા. આપ્રાંતનોરાજા સંને ૧૮૫૭ માં અપુત્ર મરણ પામવાંથી ઇંગ્રેજ સરકારે ખાલસા કરી લીધો અને તેની દેખરેખ રાખવાને ચીફકમીશનર નીમ્યોછે.

(૬) મધ્ય હિંદ એજનસી

પ્ર—મધ્યહીંદએજનસીની ચારે દિશાએ શું શું આવેલુંછે તેનુ વર્ણન કરો?

ઊ—ઊતરે રજપુત સંસ્થાન અને વાવ્ય પ્રાંતો દક્ષીણે ખાનદેશ અને મધ્યપાંત પુર્વે વાવ્યપ્રાંત અને બંગાળા ઈલાકો પશ્ચીમે રજપુત સંસ્થાન અને ગુજરાત.

પ્ર—વીભાગ કીયા કીયા છે. અને કેટલા છે?

ઊ—બે છે (૧) ગ્વાલીયર અને માળવા.(૨) બુંદેલખંડ ને રેવા.

(૧) ગ્વાલીઅર અને માળવા.

પ્ર—ગ્વાલીઅરના વીભાગમાં પર્વત કીયો છે?

ઊ—વિંધ્યાચળ.

પ્ર—આ વીભાગમાં નદીઓ કેઈ છે?

ઊ—ચંબળ, સીંધ, બતવા, અને ક્ષીપ્રા.

પ્ર—ચંબળા, બતવા, ને ક્ષીપ્રા, એ કયાંથી નીકળી કોને મળે છે અને તે ઊપરનાં શહેરો?

ઊ—ચંબળા એ યમુના નદીની સાખા છે. અને તે ઉપર રાનગોર, શીવપુર, કોટા, રામપુર શહેરો છે.

બતવા—એ વીંધ્યાચળમાંથી નીકળી કાલ્પી આગળ જમના ને મળે છે તે ઉપર ભોપાળ અને જાલવણ વગેરે શહેરો છે

પ્ર—લશ્કરી કાંપ કયાં કયાં છે?

ઊ—માહુર અને નીમચ.

પ્ર—દેશી રાજ્યો કેટલાં અને કીયાં છે?

ઊ—ત્રણ છે (૧) સીંધીયાનું.(૨) હોલ્કરનું.(૩) ભોપાળનું છે.

પ્ર—ગ્વાલીઅર અને માળવાના વીભાગમાં મુખ્ય શહેરો કીયાં કીયાં છે?

ઊ—(૧)ગ્વાલીઅર. (૨) મંદેશ્વર.(૩).ઊજન.(૪) ઈંદુર. (૫) ભોપાળ. (૬) રતલામ.(૭) ધાર.(૮) નીમચ.(૯) મંડળેશ્વર.

પ્ર—એ શહેરો કયાં છે અને શાને માટે પ્રખ્યાત છે?તેનુ વર્ણન કરો.

ગ્વાલીઅર એ સુબનરેકા નદી ઉપર સીંધીયા સરકારની રાજધાની છે અને એની પાસે મહરાજપુર અને પનીઆર એ લડાઈને માટે પ્રખ્યાત સ્થળો છે ઈ.સ. ૧૮૦૪થી સીંધીઆની રાજધાની ગ્વાલીઅરમાં છે.

મોરાર—એ ઈંગ્રેજી શહેર છે.

લસ્કર—એ ગ્વાલીઅર પાસે નવું વસેલું ગામ છે.

મંદેશ્વર—એ ચંબળા નદીની શાખા ઉપર છે અને ત્યાં આગળ હુમાયુએ ગુજરાતના સુલતાન બહાદુરશાહને હરાવ્યો હતો.

ઊજ્જન—એ ક્ષીપ્રાનદી ઉપર છે અને તે વીક્રમરાજાની રાજધાની હતું અને તે હીંદુલોકોના ધર્મનું ક્ષેત્ર છે. અને જગતપ્રસિધ્ધ માહાકાળેશ્વરનું શીવલાય એમાં છે.

નીમચ—એ રેલવે સ્ટેશન અને લસ્કરી કાંપ છે.

ઈંદુર—એ ક્ષીપ્રાનદીના ફાંટા ઉપર હોલકર સરકારની રાજધાની છે. અને મધ્ય હિન્દ એજન્સીનાં સંસ્થાનની દેખરેખ માટે ગવર્નરજનરલનો એજંટ ત્યાં રહેછે.

માંડુ—એમાં પોલીટીકળ એજંટ રહેછે.

ધાર—એ દાનેશ્વરી ભોજરાજાની રાજધાની હતું અને ત્યાંનો કીલ્લો જગતપ્રસીદ્ધ છે.

ભોપાળ—એ ભોપાળની બેગમની રાજધાની હતું.

રતલામ—એ આખા હીંદુસ્તાનમાં અફીણને માટે જાણીતું છે.

માહુર—એ ઈંદુરના નૈરૂત્યખુણામાં લસ્કરી કાંપછે.

શીહુર—એ ભોપાળના રાજ્યમાં છે અને ત્યાં આસીસ્ટંટ-પોલીટીકાલ એજંટ રહેછે.

બીરસીઆ—એ ઈંગ્રેજી મુલકની રાજધાનીનું શહેરછે.

મંડળેશ્વર—એ નર્મદા નદી ઉપર જાત્રાનું ઠેકાણું છે.

એ સીવાય બીજાં શહેરો કીયાંછે—જાવડા, જાંબુઆ, આમઝેરા, નરવર, ગીરવાડી, દેવાસે.

પેદાશ—અફીણ, ઘઊં, તમાકુ, અને માળવી બળદ બહુ વખાણાયછે.

(૨) બુંદેલખંડ અનેરેવા

પ્ર—આ વીભાગમાં પર્વતો ક્યાછે.

ઊ—કૈમોર અને ચીત્રકોટ.

પ્ર—નદીયો કેઇ કેઇ છે.

ઊ—શોણ, બતવા, કેણ.

પ્ર—મુખ્ય શહેરો કીયાં કીયાંછે.

ઊ—ઝાંસી, દત્યા, ચંદેરી, પન્ના, રેવા, અને ઊરમા, અથવા તેહરી.

પ્ર—ઊંપર લખેલાં શહેરો ક્યાંછે અને શાને માટે જાણીતાંછે.

ઊ—**ઝાંસી** એમાં રાણી રાજ કરતી હતી પરંતુ સને. ૧૮૫૭ના બળવામાં સામીલ થવાથી અંગ્રેજે તેરાજ્યલઇ લીધું.

દત્યા—એ દેશી રાજ્યછે અને જૈન લોકોનાં દેવળોછે.

પન્નાએ હીરાની ખાણોને માટે જાણવા લાયક છે અને એ હીરા જરણા પરણાના કહેવાયછે.

ચંદેરી એ માળવાની સરહદ ઊપર મોટુ શહેરછે અને ત્યાંની પાઘડીઓ વખાણાય છે.

રેવા—એ રેવાની રાજધાનીનું શહેરછે અને ત્યાં વાઘેલા રજપુતોનું રાજયછે.

ઉરમા અથવા તેહરી—એ ચંબલા નદી ઊપર મોટું દેશી રાજછે.

પ્ર—એસીવાયબીજાંશહેરોકીયાંછે.

ઊ—નોગાંવ, જેતપુર, નેજળુન, અજેગઢ વીગેરે શહેરોછે.

વીશેષ હકીકત—એ દેશ ઘણો પહાડીછે.

(૭) રજપુતસાંસ્થાનો

રજપુત સંસ્થાનની ચારે દીશાએ શું શું આવેલુછે.

ઊ—ઊતરે સતલજનદી અને પંજાબ ઇલાકો દક્ષિણે ગુજરાત, પૂર્વે આગ્રા, ગ્વાલીયર અને ઈંદુરનાં સંસ્થાનો અને પશ્ચીમે સીંધપ્રાત.

પ્ર—પર્વતો કીયાછે.

ઊ—આબુ અને અરવલ્લી તેમાં આબુ એ ઘણો શોભાયમાનછે અને શ્રાવક લોકોનાધર્મને માટે જાણીતોછે અને વીમળશાની મુર્તિ છે તથા ત્યાં આરાસુરીમાં અંબીકાનુ જગ્તપ્રસીધ દેવલછે.

પ્ર—નદીઓકઇછે.

ઊ—લુણી, કાળીસીંધ, બતવા; પારવતી.

લુણી એ અરવલીના પશ્ચિમ ભાગમાંથી નીકળી કચ્છના રણને મળેછે.

પ્ર—રજપુત સંસ્થાનોનાં સરોવરો બોલો.

ઊ—કાનોદ સાંબર સાર

પ્ર—રજપુત સંસ્થાનમાં રજપુત લોકોનાં કેટલાં રાજ્ય છે. અને જાટ અને મુસલમાન લોકોનાં કેટલાં અને કીયાં કીયાં છે, રાજ્યો છે!

ઊ—રજપુત લોકોનાં ૧૫ રાજ છે. (૧) મેવાડ ઉદેપુર (૨) મારવાડ કે જોધપુર (૩)જ્યપુર (૪) બુંદી (૫) કોટા (૬) કીરોલી (૭) કીશનગઢ (૮) વીકાનેર (૯) જસલમીર (૧૦) અલવાડ (૧૧) શીરોહી (૧૨) ડુંગરપુર (૧૩) વાંસવાડા (૧૪) પ્રતાપગઢ (૧૫) જાલરા પટણ બેજાટરાજાનાં છે ભરતપૂર અને ધોળપુર અને એક મુસલમાની છે. (૧) ટાંક, એ રીતે બધાંમળીને ૧૮ અરાઢ રાજ્યો છે.

પ્ર—નરસીરાબાદ એ શું છે?

ઊ—લશ્કરી કાંપ છે.

પ્ર—રજપુત સંસ્થાનમાં મોટાં મોટાં શહેરો કીયાં છે. અને તે શાને માટે વખાણાય છે?

ઊ—જોધપુર, વીકાનેર, જસલમીર, આબુ, ઊદેપુર, ચીતોડ, જ્યપુર, અલવડ, અજમેર, નરસીરાબાદ, ડુંગરપુર, ભરતપુર, ધોળપુર વીગેરે.

જોધપુર—એ મારવાડની રાજધાનીનુ શહેર છે.

વિકાનેર—અહીની સાંઢણીઓ ચાલવામાં બહુ વખણાય છે,

જસલમીર—એમાં પુસ્તકોનો ભંડાર ત્યાં જૈન લોકોનાં પુરાંતન દહેરાં છે. તથા અહીના કુવા ધણા ઉંડા છે.

શીરોહી—એમાં તલવાર તથા કટારી બહુ સારી બને છે.

આબુ—એ એજ નામના ડુગર ઊપર હીંદુ લોકોના ધર્મ

નુ ઠેકાણુંછે અને તે સારી હવાને માટે જાણીતુ તથા ત્યાં આરાસુરી અંબીકાનું મહાન દેવલ છે.

ઊદેપુર—એ બરાસ નદીને કીનારે મેવાડની રાજધાનીછે અને ત્યાંના રાજા રાણા કહેવાયછે અને ત્યાંના રજપુતો ઊંચા કુળના ગણાયછે.

ચીતોડ—એ બરાસ નદીને કાંઠેછે અને એમાં કુંભારાણા એ કરાવેલી ઈમાંરતો તથા કીર્તીસ્તંભ વખાણાય છે.

જયપુર ત્યાંના ચીત્ર અને લોટા વખાણાયછે અને અમુલ્ય ખાણો છે તેથી સોનું રૂપુ બહાર મોકલાયછે.

અલવડ—એ છત્રીસસાગર નામના સરોવર ઊપર છે અને તેને કાંઠે છત્રીસ હવેલીઓ છે.

અજમેર—એ ઈંગ્રેજી મુલકની રાજધાની છે અહીથી થો ડેક છેટે બ્રાહ્મણોની મુખ્યતીર્થની જગાછે.

નરસીરાબાદ—એ લસ્કરી કાંપછે,

ડુંગરપુર—ત્યાંની છબીઓ ઘણીપવખાણાયછે.

ટાંક—એ મુસલમાની રાજ છે.

ભરતપુર—એ જાટરાજાનું સંસ્થાનછે અને ત્યાંની જમીન ઘણી સારી છે.

ધોળપુર—એ પણ જાટ રાજાનું સંસ્થાન છે.

પ્ર—એ સીવાય બીજાં નાનાં શહેરો કીયાં છે?

ઊ—વાંસવાડા, પ્રતાપગઢ, જાલરાપટણ, નાગોર, બાલોત્રા, પાલી, કીરોલી, કીશનગઢ, સુરતગઢ, ભટનેર, જાલોર,

જાણવાલાયકબીના—મારવાડમાંની જમીનમાં પાક સારો થતો નથી કારણકે રેતાળ જમીનછે પણ ઘાસ ઘણું ઊગેછે તેથી ત્યાંના લોક ઘેટાં ઢોર વીગેરે રાખેછે અને ત્યાંના મારવાડી લોકો વેપારમાં ઘણા હોશીઆર હોયછે તેથી તે બીજા દેશોમાં વેપાર કરવા સારૂ જાયછે.

(૮) પંજાબ ઈલાકો

પ્ર—પંજાબ ઈલાકાની ચારે દીશાએ શું શું આવેલું છે?

ઊ—ઊતરે કાસ્મીર અને કારાકોરમ પહાડ અને હીમાલય પર્વતનો ભાગછે આ પર્વત દુનીઆમાં સૌથી ઊંચો ગણાય છે અને ૧૫૦૦ મૈલ ઊંચોછે દક્ષિણે રજપુત સંસ્થાન અને સતલજ નદી પુર્વે વાવ્યખૂણાના પ્રાંતો અને પશ્ચિમે સુલેમાન પહાડછે.

પ્ર—આ ઈલાકમાં પર્વતો કીયાછે?

ઊ—હીમાલય, કારાકોરમ, અને શીવાલીક.

પ્ર—નદીઓ કેઈ કેઈ છે અને તે કયાંથી નીસરી કોને મળેછે અને તેના ફાંટા કીયાછે તથા તેના ઊપર કીયાં શહેરો આવેલાં છે?

ઊ—સીંધુએ હીમાલયના કૈલાસ શીખરમાંથી નીકળી ઊતર તથા નૈરૂત્યખુણા તરફ વહી અરબીસમુદ્રને મળેછે. મળનારી નદીઓ અથવા ફાંટા જેલમ, ચીનાબ, રાવી, બીઆસઅને સતલજ અથવા ધારા કાબુલ ને ગોમળ.

અને તે ઉપરનાં શહેરો લે ઇસ્કાર્ડો અટક કાલાબાગ ડેરાઇસ્માઇલિખાન, ડેરાગાજીખાન, શકર, બકર, સેરી કરાંચી, ઠઠા, વીગેરે.

પ્ર—પંજાબ નામ શાથી પડયુ?

ઊ—આ દેશમાંથી પાંચ નદીઓ વહેછે માટે એને પંજાબ કહેછે.

પ્ર—દોઆબ એટલે શું અને આદેશમાં દોઆબ કેટલાછે અને તે કઈ કઈ નદીઓની વચેછે?

ઊ—દોઆબ એમાં બે શબ્દછે દો એટલે બે અને આબ એટલે પાણી બે પાણીની વચેનો મુલક એનુ નામ દોઆબ આમાં દોઆબ ૫ છે (૧) સીંધસાગર દોઆબ (૨) જૈચદોઆબ (૩) રચનાદોઆબ (૪) બારીદોઆબ પજાળંધરદોઆબ સીંધુ અને જૈલમની વચે સીંધસાગર દોઆબ જૈલંમ અને ચીનાબની વચે જૈચ દોઆબ ચીનાબ અને રાવીની વચે રચનાદોઆબ રાવી અને બીઆસની વચે બારીદોઆબ બીઆસ અને સતલજની વચે જાળંધર દોઆબ.

પ્ર—સારી હવાને માટે કીયાં ઠેકાણુંછે?

ઊ—સીમલા અને મરી.

પ્ર—દેશી રાજય કીયાંછે.

ઊ—કાશમીર, ભાવલપુર, પત્યાળા, ઝીંદ, નભા, કપરથલા, ફરીદકોટ ને કળશીઆ.

પ્ર—પંજાબ ઇલાકાના વિભાગ કીયા કીયા છે?

ઊ—૪ છે (૧) દીલ્લીજીલ્લો (૨) શીમલાનો પહાડી મુલક

(૩) શીખ પાસેથી મળેલો મુલક (સતલજઅને બીઆસ ની વચેનો મુલક) (૪) બીઆસની પશ્ચિમનો મુલક.

પ્ર—પંજાબ ઇલાકામાં મુખ્ય શહેરો કીયાં કીયાં છે?

ઊ—(૧) લાહોર (૨) મુલતાન (૩) અમૃતસર (૪) ગુજરાત (૫) અટક (૬) પેશાવર (૭) રાવળપીંડી (૮) સરહીંદ (૯) લુધ્યાના (૧૦) સ્થાનેશ્વર (૧૧) દીલ્લી (૧૨) ભાવલપુર (૧૩) અંબાલા (૧૪) ફીરોજપુર (૧૫) મીટનકોટ આગળ સતલજ સીંધુને મળે છે.

પ્ર—એ શહેરો કયાં છે. અને શાને માટે જાણવાલાયક છે?

ઊ—લાહોર એ રાવી નદી ઉપર રાજધાનીનું શહેર છે. અને ત્યાં જહાંગીરની કબર અને શહાજહાંનો બાગને કોલેજ વગેરે પ્રખ્યાત ઇમારતો છે. ને તેમા શેતરંજી સારી થાય છે. તથા આ શેહેર સીખ લોકોનું છે. ઈ–સ–૧૦૦૮ મહમદ ધીજનીએ અનંગપાળ ને હરાવ્યો.

મુલતાન—એ ચીનાબ નદી ઉપર રેશમી અને સુતરાઊ કાપડ અને શાલોને માટે જાણીતુ છે. તથા આ શીખ લોકનું છે.

અમૃતસર—એ અમૃતસર નામના સરોવર ઉપરથી નામ પડેલું છે તેમાં કાશમીરીસાલ થાય છે. અને તે સીખ લોકોના ધર્મને માટે જાણીતું છે.

ગુજરાત—એ સીંધું નદીને કાંઠે કીલ્લાવાળું શહેર છે.

અટક—એ સીંધુ નદી ઉપર કીલ્લાવાળું શહેર છે. અને હીંદુ લોકો પહેલાં અહીંથી આગળ જતા નહી માટે એ નામ પડેલું છે.

જેલમ—એ જેલમ નદીને કાંઠે સીકંદર અને પૌરસ રાજાની લડાઈ ને માટે પ્રખ્યાત છે.

પેશાવર—એ ખૈબર ઘાટના નાકાઉપર બારીજાતના ચોખાને

માટે જાણીતું છે. અને તેમાં ઉનનું કાપડ તથા શેતરંજીઓ બને છે

રાવળપીંડી— સીંધુ અને જેલમની વચે મોટું શહેર છે.

સરહીંદ—એ સતલજ અને જમનાની વચે મોટું શહેર છે.

લુધ્યાના—એ શાલો અને કાપડને માટે પ્રખ્યાતછે.

સ્થાનેશ્વર—ત્યાં આગળ સહાબુદીને પૃથુરાજને ઈ. સ. ૧૧૯૧માં હરાવ્યો હતો.

દીલ્લી—એ કીલ્લાવાળુ શહેર મુસલમાની વખતની રાજધાની હતું તેમાં સુતરાઉકાપડ રેશમ સાલને ઝવેરાત કામનાં કારખાનાંછે, તથાહુમાયુની કબર તથા કુતુબમીનારો વગેરે પ્રખ્યાતઈમારતોછે તથા એ જમના નદીના પશ્ચિમ કાંઠા પરછે.

પાણીપત—આને કેટલાએક લોક નીરદયાધરતી કહેછે અને તે મોટી મોટી લડાઈઓને માટે જાણીતુછે તથા એનું શુધ નામ રણક્ષેત્રછે.

શોબ્રાઊન—એ શીખ લડાઈને માટે જાણીતું છે.

શીમળા—એ હવા ખાવાનુ ઠેકાણુંછે અને ત્યાં કલકત્તાનો ગવર્નર જનરલ હવા ખાવાને માટે જાયછે.

ભાવલપુર—એ ત્યાંના નવાબને તાબેછે.

પ્ર—એ સીવાય બીજાં શેહેરો કીયાં છે?

ઊ—ડેરાઈસ્માલખાન, ડેરાગાજીખાન, મુજફ્ફરગઢ, કોટક, માળીઆ, વજીરાબાદ, પુતહાનકોટ નુરપુર, પત્યાળા, રેવારી અલીવાલ, જાળંધર, અહમદપુર, ખાનપુર, અનેઊચ.

પેદાશ—ઘઊં, તલ, શાકભાજી, તમાકુ, દીવેલી, મકાઈ, ડાંગર ગળી, ફટકડી, સીંધવ, અને મરડીઆ કાંકરા.

કારમીર

પ્ર—આ દેશીરાજની ચારે દીશા ઓએ શું આવેલુ છે?

ઊ—ઊતરે કારાકોરમ પહાડ દક્ષિણે પંજાબ અને હીમાલય નો થોડો ભાગ પૂર્વે હીમાલય પર્વત પશ્ચિમે પંજાબ અને હજરેહનો મુલક.

પ્ર—પર્વતો કીયા કીયા છે?

ઊ—હીમાલય અને કારાકોરમ.

પ્ર—નદીઓ કઈ કઈ છે?

ઊ—સીંધુ, જેલમ, ચીનાબ અને સતલજ.

પ્ર—વીભાગ કીયા છે?

ઊ—લાંડક અને બલીસ્તાન.

પ્ર—કાસ્મીરમાં મુખ્ય શહેરો કીયાં છે?

ઊ—કાસ્મીર, (શ્રીનગર), લે, ઈસકાર્ડો, ઈસ્લામાબાદ, જામુ, વગેરે.

પ્ર—એ શહેરો શાને માટે જાણીતાં છે?

ઊ—**કારમીર** એનું બીજુ નામ શ્રીનગર એ જેલમ નદી ને કાંઠે સાલો અને ઊનના કાપડને માટે જાણીતુંછે.

લે—એ લાડક પ્રાતની રાજધાની સીંધુ નદીને કાંઠે ઊનના વહેપારની મુખ્ય જગ્યાછે.

જામુ—એબીજા નંબરનું શહેરછે અને ત્યાંના રાજાને મહારાજ કહેછે.

ઈસ્કાર્ડો—એ બલીસ્તાન પ્રાંતમાં મોટુ શહેર છે.

ઈસ્લામાબાદ—એ સીંધુ નદીને કાંઠે મોટું શહેર છે.

પ્ર—એ સીવાય બીજાં શહેરો કીયાં છે?

ઊ—ચાંબા અને પુંચ.

પેદાસ—અનાજ ચોખા, કેસર, ગુલાબનું અતર વીગેરે.

વીશેશ હકીકત—અહીનાં હવાં પાણી સારાં છે. ને લોકો તનદુરસ્ત છે.

(૯) વાવ્ય પ્રાંતો.

પ્ર—વાવ્ય પ્રાંતોની ચારે હદ ઊપર શું શું આવેલું છે?

ઊ—ઊતરે હીમાલય અને નેપાળ દેશ દક્ષીણે મધ્યહીંદ એજનસી પુર્વે બંગાળા અને પશ્ચીમે પંજાબ અને રજપુત સંસ્થાન.

પ્ર—પર્વતો કીયા છે?

ઊ—હીમાલય અને બીજો શીવાલીક.

પ્ર—વાવ્ય પ્રાંતોમાં નદીઓ કઈ કઈ છે. એને તે ક્યાંથી નીકળી કોને મળે છે. અને તે ઉપર શહેરો કીયાં કીયાં આવેલાં છે?

ઊ—ગંગા, જમના, (યમુના) ચંબળા, બતવા, રામગંગા, ગોમતી, ને ગોગરા અથવા સરયું.

ગંગા—એનું બીજુ નામ ભાગરેથી ગંગોત્રીથી ૧૨ મૈલ ઊપર ગોમુખનામની તીર્થની જગો પાસેથી નીસરી બંગાળાના, ઉપસાર; ને મળે છે. અને એના ઉપર હરીદ્વાર, કાનપુર, મીરજાપુર, અલહાબાદ, કાશી બકસર પટણા, મોંગીર અને રાજમહાલ શહેરો છે ફાંટા, ગોમતી, ગોગરા, ગંડકી જમના, કૌશીકી, રાપતી, ભોગવતી, રામગંગા, મહાનંદા, તીસદા, કર્મ, નાશા અને શોણ.

જમના—એ જમનોત્રીના શીખરમાંથી નીસરી અલ્લહાબાદ આગળ ગંગાને મળેછે અને એના ઊપર પાણીપત,

દીલ્લી, ગોકુળ, મથુરાં, આગ્રા, કાલ્પી, અને હમીરપુર, શહેરો છે ફાંટા, સીંધ, બતવા, ચંબળા ને કેણ.

ગોગરા અથવા સરયુ—તીબેટમાંથીં નીકળી છપરા આગળ ગંગાને મળેછે તેઉપર અયોધ્યા અને ગોપાળપુર આ નદી રામાયણમાં પ્રખ્યાતછે.

પ્ર—વાવ્યપ્રાંતોમાં વીભાગ કીયા કીયા છે?

ઊ—૩ ત્રણ છે (૧) હીમાલયમાં આવેલો પ્રદેશ (૨) ગંગાને જમનાની વચેનો પ્રદેશ (૩) જમનાની દક્ષીણનો પ્રદેશ.

પ્ર—દેશી રાજ્ય કીયાં છે?

ઊ—રામપુર, અને તેહરી.

પ્ર—વાવ્યપ્રાંતમાં મુખ્ય શહેરો કીયાં છે?

ઊ—કાશી,અલહાબાદ,કનોજ,આગ્રા,મથુરાં,કાનપુર,મીરજાપુર, કલીજર,હરીદ્વાર, ગોરખપુર, સુનારગઢ,શહાજહાંનપુર.

પ્ર—એ શહેરો કયાં આવેલાંછે અને શાને માટે જાણીતાંછે.

કાશિ. એનુ બીજું નામ બનારસ ગંગાનદી ઉપર હીંદુલોકોનુ પવીત્ર ધામછે અને તેમાં ઈમારતો ધણીને સારીછે વળી ત્યાંનું જરીઆન કાપડ તથા અંઓટીઆં વખણાય છે.

અલહાબાદ. એનુ બીજું નામ પ્રયાગ ત્યાં આગળ ત્રણ નદીઓનો સંગમ થવાથી ત્રીવેણી બનેછે અને તે ધર્મનુ ઠેકાણુછે અને કલધની વસ્તુઓને માટીનાં વાસણ વખણાયછે.

ગાજીપુર—એમાં અત્તર બને છે.

ગોરખપુર— એ રાપ્તી નદીઉપર જૈન ધર્મની જગ્યાછે અને એની પાસે ગોરખનાથનું દેવળ છે.

મીરજાપુર—એ રૂ રેશમને શેતરંજીને માટે જાણીતુ છે
કલીંજર—એ કીલ્લાવાળુ શહેર છે હીંદુઓના તીર્થની જગ્યાછે અને ત્યાં દારૂખાનુ સળગી ઊઠવાથી શીરશા બળીમુઓ હતો તથા ઈ. સ. ૧૦૨૨ મા મહમદ ઘીજનીએ ચડાઈ કરી હતી.
કાનપુર—એ ગંગાને કાંઠે લશ્કરી કાંપ છે.
આગ્રા— એ જમના ને કાંઠે તાજમહેલ વીગેરે ઈમારતો ને માટે પ્રખ્યાત છે અને તે મુસલમાની વખતમાં રાજધાની હતું મીઠુને રૂના વેપારનું મથકછે. આગ્રાથી છમૈલ દુર અકબર બાદશાની કબર છે ત્યાં લૅફટેન્ટ ગવરનરની રાજધાની છે
કનોજ—એ કાળીને ગંગાનદીના સંગમ ઉપર છે
મથુરા—એ કૃષ્ણની જન્મ ભૂમીનું શહેર છે જમના નદીને કાંઠે છે અને તેને મુસલમાનો એ ૨૦ દીવસ સુધી લુટયું હતુ.
ભરતપુર—એ કીલ્લા વાળું શહેર છે.
બરેલી—એ રામગંગા નદીની શાખા ઉપર લોઢાનો સામાન, ભરત, અને શેતરંજીને માટે જાણીતું છે. તથા અહીંનો નવાબ ઈ–સ– ૧૮૫૭ના બળવામાં સામેલ હતો.
મીરત—એ કાળી નદીની શાખા ઉપર લશ્કરી કાંપ છે.
હરીદ્વાર—એ શીવાલીક પહાડની તળેટીમાં ગંગા નદી ઉપર હીંદુઓના ધર્મની જગ્યાછે ને ત્યાં મેળા ઘણા ભરાયછે.
બદ્રીનાથ––એ હીમાલયના ઊંચા ટેકરામાં દેવસ્થાનછે અને તે હીંદુઓનાં ચાર મોટાં તીર્થમાંનું એક છે.
કેદારનાથ—એબદ્રીનાથના ઈશાનખુણામાં મોટું દેવળછે અને તેની પાસે મહા પંથ નામે ધર્મની જગ્યા છે ત્યાંથી પડી આપઘાત કરી લોકો સ્વર્ગે જવાની આશાએ મરી જાયછે.

અલમોડા—એ કમાઉન પ્રાંતની રાજધાનીનું શહેરછે.
ચુનારગઢ—એ ગંગા નદી ઉપર શીરશાહની રાજધાની હતું.
પ્ર—એ સીવાય બીજાં શહેરો કીયાં કીયાં છે ?
ઉ—અજીમગઢ, કાલ્પી, ઇટાવા, શહાજાનપુર, ને ફતેહગઢ.
પેદાશ—ઘઉં, જુવાર, બાજરી, ગળી. કસુંબો, ખાંડ, તલ ઇ, ને સુરોખાર.
વીષેશ હકીકત—હવા ઘણી નીરોગી છે લોકો જબરા હીમતવાનછેતે લોકોને આપણે અહીંઆં પુરવીઆ કે ભૈયા કહેછે.

(૧૦) અયોદયા

પ્ર—અયોધ્યાની ચારે દીશાની હદ ઉપર શું શું આવેલું છે?
ઉ—ઉત્તરે નેપાળનું સ્વતંત્ર દેશી રાજ અને બાકીની દક્ષીણ પુર્વ અને પશ્ચીમ દીસાએ વાવ્યપ્રાંતો છે.
પ્ર— નદીઓ કઈ કઈ છે ?
ઉ—રામગંગા, સઈ, ગોમતી, અને ગોગરા, અથવા સરયુ.
પ્ર—વીભાગ કીયાછે ને કેટલાછે ?
ઉ—ચાર છે (૧) ફૈજાબાદ (૨) સીતાપુર (૩) રાયબરેલી (૪) લખનૌ.
પ્ર—મુખ્ય શહેરો કીયાંછે ને તે શાતે માટે જાણીતાંછે તેનું વર્ણન કરો.
ઉ—અલહાબાદ, અયોધ્યા, લખનૌ, ફૈજાબાદ, સીતાપુર અને રાયબરેલી.
અલહાબાદ—એ રાજધાનીનું શહેર ગંગા અને જમનાના સંગમ ઉપર છે.
અયોધ્યા—એ પહેલાં રાજધાનીનું શહેર હતું પણ તે હા-

લ વાવ્યપ્રાંતો જોડે મેળવી દેવાથી અલહાબાદ રાજધાની કર્યુંછે એમાં પહેલાં સૂર્યવંશી રાજા રામચંદ્રજી રાજ કરતા હતા. તથા અહીની બેગમ ઈ–સ–૧૮૫૭ના બળવામાં બળી હતી.

લખનૌ—એ ગોમતી નદીના કાંઠા ઉપર ભરતને માટે પ્રખ્યાતછે.

ફેજાબાદ—એ લખનૌથી ઉતરતું શહેરછે તેનું પહેલાં ભરત વખાણાતું હતું.

સીતાપુર—એ એજ વિભાગનું પ્રખ્યાત શહેર છે એની ઉત્તરે જંગલો છે.

પ્ર—એ સીવાય બીજાં શહેરો કીયાંછે.

ઊ—સુલતાનપુર અને હરા.

પેદાશ—ધાન્ય, તલ, દીવેલી, કેરી, મહુડાં.

(૧૧) બંગાળા ઈલાકો

પ્ર—બંગાળા ઈલાકાની ચારે સરહદો ઉપર શું આવેલુંછે?

ઊ—ઉતરે નેપાળ, સીકીમ, અને ભુતાન, દક્ષીણે બંગાળાનો ઉપસાગર ઉતરસીરકાર ને પૂર્વે બ્રહ્મદેશ અને આરાકાન, પશ્ચીમે મધ્ય પ્રાંતો ને વાવ્યપ્રાંતો ને રેવા.

પ્ર—બંગાળા ઈલાકામાં પર્વતો કીયા કીયા આવેલા છે તેનાં નામ દો.

ઊ—હીમાલયનો થોટો ભાગ રાજમહાલ ને છોટાનાગપુર અને ઓઢીઆના ડુંગરો.

પ્ર—મુખ્ય નદીઓ કઈ કઈ છે?

ઊ— ગંગા, ગોગરા, અથવા સરયું, સોન, ગંડકી, કુશી,

દામોદરા, ભાગેરથી, વૈતરણી, હુબળી બ્રહ્મપુત્રા, સુરમા, મહા, બ્રાહ્મણી, સુરણરેખા, રૂપનારાયણ, તોસ્દા.

પ્ર—બ્રહ્મપુત્રા ક્યાંથી નીસરી કોને મળેછે અને તે ઉપર કીયાં શહેરોછે ?

ઊ—બ્રહ્મપુત્રા એ માન સરોવર માંથી નીકળી પુર્વ તરફ વહી દક્ષિણે આવી ગંગાને મળેછે આ નદીનું બીજુ નામ શાંપુછે અને એના ઉપર જીકાદાજી, ચીતાંગ, શીવ-પુર, ગૌહતી, ગોવળપાંડે, બીશનાથ અને જીત્યાપુર.

પ્ર—બંગાળા ઇલાકાના વીભાગ કેટલાછે અને તેનાં નામ આપો.

ઊ—ચારછે(૧) શુદ્ધબંગાળા (૨) ઓરીસા કે ઓઢીઆ (૩) બહાર (૪) છોટાનાગપુર.

પ્ર—બંગાળામાં હવા ખાવા લાયક જગો કેઈ છે ?

ઊ—દારજીલીંગ.

પ્ર—આ ઇલાકામાં દેશી રાજ્ય કીયાં છે ?

ઊ— સીકીમ, કુચબહાર, ખાસ્યો, ગારો, મણીપુર, અને ટીપરા.

પ્ર—બંગાળા ઇલાકામાં મુખ્ય શહેરો કીયાં છે?

ઊ—કલકત્તા, ઢાકા, મુર્શીદાબાદ, પટણા, કટક, અને જગંનાથપુરી.

પ્ર—બંગાળા ઇલાકામાં બંદરો કીયાં છે.

ઊ—કલકત્તા, મતલાહ, ચીતાગાંગ, અને કટક.

પ્ર—બંગાળા ઇલાકાનું દરેક શહેર ક્યાંછે અને તે શાને માટે પ્રખ્યાત છે.

ઊ—કલકત્તા—એ હુબલી નદી ઉપર હીંદુસ્તાનની રાજધાનીછે તેમાં ગવર્નર જનરલ રહેછે. અને ત્યાંનો કીલ્લો ચોથા વીલીયમના નામથી ઓળખાય છે અને આખા હીંદુસ્તાનનાં સર્વે શહેરો કરતાં વસ્તીમાં પણ વધારે છે કલકત્તા અને આજુબાજુનો કેટલોક મુલક ઈ. સ. ૧૬૯૮માં મુગલ પાદશાહ પાસેથી વેચાતો લીધો.

ચંદ્રનગર—એ ફ્રેંચ લોકોને તાબે છે.

શ્રીરામપુર—એ હુબળી નદીના કાંઠા ઉપર જમણે પાસેછે અને તે ડેનમાર્કના રાજા પાસેથી વેચાતું લીધું છે.

ચીનસુરા—એમાં ઈમામવાડો છે.

દારજીલીંગ—એ સારી હવાને માટે જાણીતું છે.

મુર્શીદાબાદ—એ ભાગીરથી નદીને કાંઠે વેપારનું મથક છે તથા રેશમનાં કારખાનાં છે એ અસલ બંગાળાના નવાબોની રાજધાની હતી.

ઢાકા—એમાં મલમલ થતો હતો પણહાલ બંધ પડ્યો છે. એ શુધ બંગાળામાં છે.

બ્રહ્માનપુર—એ લશ્કરી કાંપ છે.

પ્લાસી—એ લડાઈને માટે પ્રખ્યાત છે.

બર્દવાન—એ દામોદરા નદી ઉપર છે અને ત્યાંનો રાજા ઊતર હીંદુસ્તાનના સઘળા રાજાઓ કરતાં મોટો જમીનદારછે

રાણીગંજ—એમાં કોયલાની ખાણો છે.

બાલાસુર—એ બંદર છે અને તે ડેનમાર્કના રાજા પાસેથી વેચાતું લીધુંછે.

કટક—એ મહા નદી ઉપર છે અને તે પહેલાં મરેઠાને તાબે હતું.

જગન્નાથપુરી—એ હીંદુ લોકોનું મોટું જાત્રાનું ઠેકાણુંછે. અને તેમાં જગન્નનાથજીનું દેવળ છે અને તેનાં જાતીભેદ ગણાતો નથી અને એ પુર્વ કાંઠે બંદર છે.

બહાર—ત્યાંની જમીન ઘણી ફળદ્રુપ છે.

કાસીમબજાર—એમાં પહેલાં ઈંગ્રેજોની વખારો હતી.

પટણા—ગંગાને કાંઠે જરીઆની કાપડને માટે પ્રખ્યાતછે. તેમાં સુરોખાર, ગળી, ચોખા,ને ખાંડનો વેપાર ચાલેછે.

દીનાજપુર—એમાં લશ્કરી કાંપ છે.

ગયા—એમાં હીંદુ લોકો પીતાનુ શ્રાધ કરેછે અને તેની પાસે પારસનાથના ડુંગર છે તેથી તે જૈન લોકોની ધર્મ ની જગ્યા ગણાય છે.

મોંગીર—એ ગંગાને કાંઠે લશ્કરી કાંપ છે તથા લોઢાનો સામાનને હથીઆરો બનાવવાનાં કારખાનાં છે.

ભાગલપુર—એમાં પહેલાંના બે મીનારા છે

રાજમહાલ—એનું બીજુ નામ અકબરાબાદ ગંગાને કાંડે મોટું શહેર છે.

બકસર—એગંગાને કાંડે શીરખાંની રાજધાની હતુ ને ત્યાં હુમાયુ અને શીરશાને મોટી લટાઈ થઈ હતી.

પ્ર—એ સીવાય બીજાં શહેરો કીયાં છે?

ઊ—મેદનીપુર, નાગોર, હજારીબાગ, દરભંગ.

પેદાષ—ચોખા, નારંગી, અફીણ, શણ, સુરોખાર, ચા, રેશમ, રબર, કોયલા.

(૧૨) આશામ

પ્ર—આશામની ચારે હદ ઉપર શુ આવેલું છે.

ઊ—ઉતરે ભુતાન દક્ષીણે તથા પશ્ચીમે બંગાળા ઈલાકો

પુર્વે મણીપુરનું રાજ ને બ્રહ્મદેશ.

પ્ર—પર્વતો કીયા છે.

ઉ—હીમાલય, ગારો, ખાસ્યો, જીનને.

પ્ર—નદીઓનાં નામ આપો.

ઉ—બ્રહ્મપુત્રા, આનસ, સુવાન, શીરે, અને સુરમા.

પ્ર—આશામમાં મુખ્ય શહેરો કીયાં છે.

ઉ—ગૌહતી, નવગાંવ, સીલહટ.

પ્ર—ઉપરનાં શહેરો કયાં છે અને શાને માટે જાણીતાં છે.

ગૌહત્તી—એ રાજધાનીનુ શહેર બ્રહ્મપુત્રા નદી ઉપર છે તેમાં ચા સારીથાય છે.

નવગાંવ—એ બ્રહ્મપુત્રા નદી ઉપર મોટુ શહેર છે.

સીલહટ—એ સીલહટ પ્રાંતનીરાજધાની સુરમા નદી ઉપરછે.

ચેરાપુંજી—એ ગારોની રાજધાની છે એમાં ચા, રેશમ અને રબર થાય છે.

પ્ર—એ સીવાય બીજાં શહેરો કીયાં છે.

ઉ—ગોવળપારા, જીત્યાપુર, દરંગ, તેજપુર, રંગારા, અને જમાલપુર.

પેદાશ—કોયલા, લોઢું, ચુનાના પથર, રેશમનો વણાટ, ઈમારતી લાકડું, લાખ, અને રબર, વગેરે.

બીજી જાણવા લાયક હકીકત—આદેશની ભેંશો ઘણી વખાણવા લાયક છેતથા આદેશમાં હાથી પણ ઘણાથાયછે.

(૧૩) સ્વતંત્ર દેશી રાજયો.

(૧) નેપાળ

પ્ર—નેપાળની ચારે દીશા ઉપર શું આવેલું છે?

ઊ—ઊતરે હીમાલયપર્વત દક્ષીણે અયોધ્યા, વાવ્યપ્રાંતો અને બંગાળાનો થોડો ભાગ પુર્વે સીકીમનું રાજ ને બંગાળા પશ્ચીમે કમાઉનપ્રાંત.

પ્ર—નેપાળના રાજમાં હીમાલય પર્વતનાં શીખરો કીયાંછે

ઊ—એવરેસ્ત, કે ગવરીશંકર, ધવલગીરી.

પ્ર—આ સ્વતંત્ર દેશીરાજમાં નદીઓ કઈ છે ?

ઊ—કુશી;.

પ્ર—નેપાળમાં મુખ્યશહેરો કીયાં છે?

ઊ—ખટમંડુ, ગુરખા, અને જનકપુર,

પ્ર—એ શહેરો ક્યાં છે અને શાને માટે પ્રખ્યાત છે.

ખટમંડુ—એ ભીસ્મતી નદી ઉપરછે ને તેમાં બૌધનાં દેવળ ઘણાં પ્રખ્યાત છે એમાં નેપાળનો માહરાજા રહેછે.

ગુરખા—એ ગુરખાનું મુખ્ય શહેર છે.

જનકપુર—સીતાનો બાપ જે જનક તે આશહેરમાં થઈ ગયો.

પ્ર—એ સીવાય બીજાં શહેરો કીયાં છે?

ઊ—લલીતપટણ, અને અમરાપુર.

પેદાશ—ધાતુની ખાણો ઘણી છે.

(૨) ભુતાન.

પ્ર—ભુતાનએ રાજ્ય કેવું છે અને તેનું મુખ્ય શહેર કીયું છે ?

ઊ—ભુતાન એ રાજ પહાડી છે અજે તેનુંમુખ્ય શહેર ટ્યાસીટયુંડીઅન છે તેમાં બૌધ ધર્મ માનનારાની સંખ્યા ઘણી છે બૌધના ધર્મ ગુરૂઓ લોકો ઉપર બહુ જુલમ કરે છે અને આ રાજય પહાડી હોવાથી વધારે જા-

ણુવા વાયક હકીકત નથી.

સીલોન સિંહલદ્વીપ અથવા લંકાં

આની ચારે બાજુએ પાણી છે તેથી બેટ કહેવાય છે.

પ્ર—લંકાંમાં પર્વતો કીયા કીયા છે?

ઊ—પેદ્રાતાલા, ગલા, એલીગો,અને આદમની ટેકરી.

પ્ર— નદીઓ કેઈ છે?

ઊ—મહાવેલીગંગા, કાવાની ગંગા, ને કાળુગંગ.

પ્ર—લંકાંના તાબાનાં બેટ કીયા છે.

ઊ—મનાર, અને રામેશ્વર.

પ્ર—હીંદુસ્તાન અને લંકાંની વચે સામૂદ્રધુની તથા અખાત કીયો છે?

ઊ—પાકનીસામુદ્રધુની, અને મનારના અખાત.

પ્ર—લંકાંમાં મુખ્ય શહેરો કીયાં કીયાં છે.

ઊ— કોલંબો, પોઇન્ટડીગાલ, ત્રીકોમાલી, પાઇન્ટપેદ્રો અને કાંદી.

પ્ર—ઉપર કહેલાં શહેરો કયાં છે અને શાને માટેપ્રખ્યા છે

ઊ—કોલંબો—એ પશ્ચીમ કાંઠે બંદર છે ને તે અંગ્રેજ સરકારની રાજધાંની છે.

પોઇન્ટડીગાલ—એ લંકાંની દક્ષિણે મોટામાં મોટું બંદરછે. અને તેમાં યુરોપ, મુંબઇ, કલકત્તા ચીન અને આસ્ટેલીઆની આગબોટો તથા વહાણો આવે છે.

ત્રીકોમાલી—એ મહાવેલીગંગા નદીના મુખ આગળ મોટું બંદર છે.

કાંદી એજુની રાજધાનીનું શહેર છે ત્યાંથી કોલંબો સુધી

રેલવે છે.

પાઇન્ટપેદ્રો—એ ઉત્તર કાંઠે બંદર છે.

એરીપો—એ આખી દુનિયામાં સૌથી મોટી મોતી કાઢવા ની જગ્યા છે.

પ્ર—એ સીવાય બીજાં શહેરો કીયાં છે?

ઊ—દંદરહેડ, કલતુરા, કાલપેટીંગ, અને અનુરાધાપુર.

પેદાષ—તેજાનો, ખુન, સોપારી, તમાંકુ, તાડ, રત્ન, સીંધવ ને હાથીદાંત

વીશેષહકીકત—આ દેશમાં ધોળા હાથીનાં ટોળે ટોળાં ફરતાં ફરેછે

હવે ફરીથી આખા હીંદુસ્તાનનું ટુંકામાં વર્ણન કરીએ છીએ

પ્ર—હીંદુસ્તાનમાં મુખ્ય પર્વતો કીયા કીયા છે તેનાં ફકત નામ આપો

ઊ—હીમાલય, કારાકોરમ, શીવાલીક, આબુ, અરવલ્લી, વીંધ્યાચળ, સાતપૂડો, પશ્ચિમઘાટ અથવા સહૈયાદ્રી, નીલગીરી, પૂર્વઘાટ, રાજમહાલ અને ઓઢીઆના ડુંગરો, ગીરનાર, અને શેત્રુંજો.

પ્ર—હીંદુસ્તાનમાં મુખ્ય નદીઓ કઈ કઈ છે?

ઊ—સીંધુ, ગંગા, જમના, ગોગરા અથવા સરયુ બ્રહ્મપુત્રા, મહા, ગોદાવરી, ક્રશ્ણા, કાવેરી, તાપી, નર્મદા, સરસ્વતી, મહી, સાબરમતી, અને સતલજ.

પ્ર—હિંદુસ્તાનમાં સરોવરો કીયાં છે.

ઊ—પાલીકટ, કોલાર, ચીલકા, સાંભર, સાર, કાનોદ અને વુલર તથા મંચર,

પ્ર—મુખ્ય બેટ કીયા કીયા છે?

ઊ—સકોદર, દીવ, વસાઈ, સાષ્ટી, મુંબઈ, ધારાપુરી, લક્ષદ્વીપ- માલદ્વીપ, લંકા, આન્ડામાન, નીકોબાર, રામરી અને ચેદુબા આન્ડામાન એ કાળેપાણીએ મોકલવાની જગ્યા છે

પ્ર—હીંદુસ્તાનમાં મુખ્ય અખાત તથા ઉપસાગર કીયાં છે?

ઊ—કચ્છ, ખંભાત, મનાર અને બંગાળાનો ઉપસાગર.

પ્ર—હીંદુસ્તાનમાં મુખ્ય ભુશીરો કેઇ કેઈ છે?

ઊ—મંજ, જગતપાઇન્ટ, રામસ કન્યાકુમારીં, પાઇન્ટપેદ્રો કેપનીગ્રસ,

પ્ર—હીંદુસ્તાનમાં રણુ કીયાં કીયાં છે?

ઊ—કચ્છ, સીંધ, અને મારવાડ.

પ્ર—હીંદુસ્તાનમાં જાત્રાનાં ઠેકાણું કીયાં છે?

ઊ—દ્વારકાં, નાશીક, ડાકોર, સોમનાથપટણુ, રામેશ્વર, જ-જગન્નાથપુરી, સીધપુર, ચાણોદ, કાશી, અલહાબાદ ગયા. શ્રીનાથજી, ગોકુલમથુરાં, આબુ, હરીદ્વાર. બદ્રીનાથ, અને કેદારનાથ.

પ્ર—ભરતખંડમાં હવા ખાવાનાં ઠેકાણું કીયાં છે?

ઊ—શીમલા, મરી, દારજીલીંગ, મહાબળેશ્વર, આબુ, નીલગીરી ઉતકમંડ, ને ડીંડીગલ.

પ્ર—હીંદુસ્તાનમાં લશ્કરી કાંપ કયાં કયાં છે?

ઊ—સીકંદરાબાદ, જાલના, કામટી, સાગર, નીમચ, માઉર, નરસીરાબાદ, કાનપુર, મીરત, માંગીર, ડીસા, વડોદ-

રા, સાદ્રા, અને રાજકોટ.

પ્ર—૩નાં ઠેકાણાં કીયાં છે?

ઊ—રાધનપુર, ધોળેરા, હુબળી,, ધારવાડ, સદાશીવગઢ, કોઇમતુર, ઉમરાવતી, હીંગણઘાટ, અને બલારી.

પ્ર—હીંદુસ્તાનમાં કેટલા પ્રકારનાં રાજ્યો છે?

ઊ—ચાર પ્રકારનાં રાજ્યો છે.(૧) ઇંગ્રેજ સરકાનો ખાલસા મુલક (૨) દેશીરાજ્ય એટલે અંગ્રેજ ને ખંડણી આપનાર (૩) સ્વતંત્ર દેશી રાજ્યો (૪) પરદેશી સ્વતંત્ર.

પ્ર—હિંદુસ્તાનમાં દેશી રાજ્યો કીયાં કીયાં છે?

ઊ—ખૈરપુર, કચ્છ, કાઠીઆવાડ, પાલણ્પુર, મહીકાંઠા, રેવા કાંઠા, અને ગાયકવાડનું, એડલે વડોદરા, સતારા, કોલ્હાપુર, સાંવતવાડી, કાસ્મીર, સીકીમ, રજપૂત સંસ્થાન, ભાવલપુર, ભોપાળ, ગ્વાલીઅર, ઈંદોર, નીજામનુરાજ, મહેસુર, ત્રાંવણકોર, કોચીન, પુદુકોટા, રામપુર, અને તેહરી.

(૧૪) પરદેશી સ્વતંત્ર રાજ્યો.

(૧) પોર્તગીઝ. (૨) ફ્રેન્ચ.

પ્ર—પોર્તુગીઝ લોકોને તાબે કીયાં કીયાં સંસ્થાન છે?

ઊ—દીવ, દમણ, અને ગોવા.

(૨) ફ્રેન્ચ.

પ્ર—ફ્રેન્ચ લોકોને તાબે કીયાં સંસ્થાન છે?

ઊ—પાંદીચેરી, કારીકલ, માહી, ચંદ્રનગર, યાનાન.

પ્ર—હિંદુસ્તાંનમાં સ્વતંત્ર દેશી રાજ્યો કીયાં છે?

ઊ—નેપાળ અને ભુતાન.

પ્ર—હિંદુસ્તાનમાં મુખ્ય બંદરો કીયાં છે?

ઊ—કલકત્તા, મતલાહ, ચિતાગાંગ, કટક, જગનાથપુરી, વિશાગાપટણ, મછલીપટણ, કોકણાદ, મદ્રાસ, નેગાપટણ તુતુકોરીન, કોચીન, કાલીકોટ, તલીચેરી, કાનાનુર, મંગલુર, મુંબાઈ, દીવમાંડવી, કરાંચી.

પ્ર—હિંદુસ્તાનના મુખ્ય સમુદ્ર.

ઊ—હિંદી મહાસાગર, અરબી સમુદ્ર.

સમાપ્ત.

સુચના

આજકાલ વિધ્યાનો ફેલાવો વધારે થવાથી નાના બાળકો પાંચમી છઠી અને સાતમી ચોપડીનો અભ્યાસ કરવા મચી રહેલા છે. તેમાં હાલ પાંચમી ચોપડી ભણનારને ભુગોળનું જ્ઞાન સરળ અને સેલી રીતે સમજવાના હેતુથી આ પુસ્તક પ્રશ્નાર્થક તરીકે રચેલુ છે અને આશા છે કે, વાંચનાર બાઇઓ ભુલદોસ માફ કરી વાંચસે.

જાહેર ખબર

નીચે લખેલા ઠેકાણેથી આ પુસ્તક મળશે.

ઉમરેઠમાં—માલીક પાસેથી તા૦ આ૦ મા૦ રા૦ મણીલાલ બાપુજી પાસેથી.

અમદાવાદ—બુકસેલર રા. જેઠાલાલ હરજીવનદાસ રીચીરોડ.

ડાકોર—બુકસેલર રા. ગોકળદાસ પાસેથી.